ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૬-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રમાણભાન વગરની લખલૂટ ઉજવણી

ઉત્સવઘેલી ભારતની પ્રજાને એમની એક નવી મુદ્રાનો પરચો મળી રહ્યો છે. તે મુદ્રા છે યોગીની. યોગ ઘણી ઉત્તમ ચીજ છે, અને તે ભારતીય મનીષીઓની ખોજ છે. ભારતની આ અણમોલ જણસ છેલ્લાં કેટલાંક વર્ષોથી વેચાઉ - બજારું વાનગી બની ગઇ છે. બાબા રામદેવ પહેલાં પણ મહર્ષિ મહેશ યોગી અને આચાર્ય રજનીશ જેવા આધ્યાત્મિક ક્ષેત્રના મહારથીઓ વિદેશોમાં યોગનો વેપાર કરતાં રહ્યા છે. નરેન્દ્ર મોદીને જ નહીં, ઇંદિરા ગાંધીને પણ યોગમાં અપાર શ્રદ્ધા હતી. પરંતુ યોગને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઇ તેમાં સૌથી મોટો ફાળો બાબા રામદેવનો અને શ્રી શ્રી રવિશંકર જેવા આધ્યાત્મિક ગુરુઓનો છે. મોદીએ વિશ્વ સમક્ષ યોગની મહત્તા સ્વીકારવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે એની સ્વીકૃતિની પૂર્વભૂમિકા રચાઇ ચૂકી હતી. એથી ધાર્યા કરતાં બહું જ ઓછા સમયમાં ભારતનો આ પ્રસ્તાવ યુનાઇટેડ નેશન્સ દ્વારા સ્વીકૃત થઇ ગયો હતો. પરંતુ તે પછી આખી દુનિયામાં યોગના નામે ધૂમ મચાી દેવાની સંકલ્પના એ મોદીનું રાજકારણ છે. મોદી કોઇ પણ મુદ્દા પર પોતીકી છાપ મૂકી એની 'કિંમત' વસૂલવામાં માહેર છે. એમની આ માર્કેટિંગ સ્ટ્રેટેજી યોગ દિવસ પાછળ દુનિયાને ઘેલી બનાવવામાં સફળ થઇ છે, એનો સ્વીકાર કરીએ. યોગથી મનુષ્ય માત્રને લાભ જ લાભ છે, એ મનોચૈતસિકથી લઇ દૈહિક સ્તરે ઉપયોગી અનુષ્ઠાન છે, એ બધું જ કબૂલ. પરંતુ જે રીતે છેલ્લા મહિનાઓથી યોગ પાછળ ભારત ઘેલું બન્યું છે, જે પ્રકારના વિવાદો છેડાયા અને છંછેડાયા છે અને જે પ્રકારે માનવ કલાકો તથા પ્રજાની પરસેવાની કમાણી તથા સરકારી તિજોરી પર અઢળક બોજો પડી રહ્યો છે તે જોતાં યોગ દિવસ ભારત જેવા વિકસતા દેશને ઘણો જ મોંઘો પડવાનો છે, એમાં બે મત નથી. ઉત્તરાખંડની રાજ્ય સરકારે આવો બિનજરૂરી બોજો ન વેઠવો પડે એ માટે યોગ દિવસની ઉજવણી નહીં કરવાનો સાહસિક નિર્ણય કરીને મોદીને પડકાર્યા છે. યોગ એ વ્યક્તિગત વ્યાયામ છે. એના જાહેર દેખાડા કરવા અને પાછો એનો જશ ઓળવી લઇ એનું રાજકારણમાં રૂપાંતર કરવું એ યોગનો દુરુપયોગ જ ગણાશે.





સેક્ટર-૬ પગાર કેન્દ્ર શાળામાં શુક્રવારના રોજ શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ ગયો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, ગુડા ચેરમેન આશીષ દવે, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકો દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ અને ગુડા ચેરમેન આશિષ દવેએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. શાળા આચાર્ય અને શાળા પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## શેઠ સી.એમ. હાઈસ્કુલમાં પ્રવેશોત્સવ યોજાયો

શેઠ સી.એમ. હાઈસ્કુલ શાળા ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે ચાલુ સાલે ધોરણ-૧૦માં શાળામાં આવેલ પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટય કરાવ્યું હતું. ગાયત્રી શકિતપીઠ સે-૧ના મહાનુભાવો બી.એસ. ઠકકર શ્રીમતી જશુબેન ઠકકર, શ્રીમતી ભારતીબેન એચ. પટેલ અને દિવ્યાબેનના સાંનિધ્યમાં ગાયત્રી મંત્ર અને શ્લોકો સાથે તિલક કરી વિદ્યાર્થીઓનું પૂજન કરી તેમજ પુષ્પ વર્ષા કરી વિદ્યાર્થીઓને આવકાર્યા. આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ બચુભાઈ કે. પટેલ, સુપરવાઈઝરો પ્રહલાદભાઈ એસ. પટેલ તેમજ હરીભાઈ કે. પટેલે પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને



પ્રેરણાદાયક અને સંસ્કારી જીવન જીવવાનું માર્ગદર્શન પુરું પાડયું હતું.

ગાયત્રી પરિવારના સભ્યોએ ગાયત્રી મંત્રનું મહત્વ, યોગનું મહત્વ અને સરસ્વતી માતાની કૃપાની વિદ્યાર્થીઓને ભારપૂર્વક સમજ આપી હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારે ખુબ જ ઉત્સાહપૂર્વક પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી. શાળાના તેજસ્વી તારલાઓને ગુલાબના ફુલ આપી પ્રોત્સાહિત કરેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હસમુખભાઈ બી. પટેલે કર્યુંહતું.

## સે-૧૬ લો કોલેજ ખાતે પ્રવેશ માટે હેલ્પ સેન્ટર શરૂ કરાયું

ગાંધીનગર, તા.૨૦

સે-૧૬ સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગર ખાતે પાંચ વર્ષના એલ.એલ.બી. અભ્યાસક્રમનું ઓનલાઈન પ્રવેશ હેલ્પ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. તેમજ ૨૨ જૂન સોમવારે સવારે ૧૧.૦૦ વાગે કોલેજ ખાતે ધોરણ-૧૨ પછી એલએલબી અને એલએલએમ પ્રવેશ અંગે ઓરીએન્ટેશન લેકચરનું આયોજન કરવામાં આવ્યુ છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓને હાજર રહેવા જણાવાયું છે.

## હરિની દૃષ્ટિ...




ફાધર્સ ડે, યોગાર્ડ - મ્યુઝીક ડે, એક જ દિવસે આવ્યા એટલે બાબો એને પપ્પાને યોગ કરવાનું કહી પોતે મ્યુઝીક પાર્ટીમાં જતો રહ્યો... !!

## એસ.જી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી અને વાલીઓ માટે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળાના ધોરણ ૨ થી ૮માં નવા આવેલા વિદ્યાર્થીઓના વાલીઓ સાથેનો વર્કશોપ તા. ૨૦મી જુન ૨૦૧૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે બ્રહ્માણી કૃપા હોલ, ગેટ નં.૧, કડી કેમ્પસ, સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં શાળાના વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શાળા પરિવારથી માહિતગાર બની યોગ વિષયક અને સંસ્કૃતિ વિષયક માહિતી પ્રાપ્ત કરી હતી.

શાળા પરીવાર સાથે વાલીઓનો સંપર્ક ગાઢ બને તથા સમરસતા કેળવાય તે આશયથી આજે સવારે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે યોગ નિષ્ણાંત પારૂલબેન ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યોગ વિશે સૌને માહિતી આપી હતી. આ ઉપરાંત સિનિયર સિટિજન કાઉન્સિલ ગાંધીનગરના ભોગીલાલ ઠકકરે પણ સાંસ્કૃતિક વારસાની વાત કરી હતી તથા કડી સર્વ વિદ્યાલયના એસ.જી.ની ભૂતપૂર્વ વિદ્યાર્થીની કે જે ભારતની પ્રથમ સ્ત્રી ડ્રીલીંગ એન્જિનિયર બની છે તે ગ્રીષ્માબેને આ પ્રસંગે પોતાના ભૂતપૂર્વ અનુભવને રસપૂર્વક રજુ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષક પરીવારે સફળ સહયોગ આપ્યો હતો તથા આચાર્ય એ પ્રાસંગિક વકતવ્યમાં શાળા પરિવાર વતી વાલીઓને આવકાર્યા હતા. કેમ્પસ ડાયરેકટર શ્રી સોમભાઈ પટેલે પણ આ પ્રસંગે પોતાની હાજરી આપી કાર્યક્રમને વધુ દીપાવ્યો હતો.

શાળામાં આ વર્કશોપ કાર્યક્રમ ઉપરાંત 'બર્થ ડે કાર્ડ મેકીંગ' પ્રવૃત્તિનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની કલા કૌશલ્યની શકિતનું પ્રદર્શન કરાવ્યું હતું.

## નાયબ મામલતદાર, ડી.એસ.ઓ., તલાટી, એ.એસ.આઈ.ના તાલીમ વર્ગોનો સમાપન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

રાજયના અનુસૂચિત જાતિના નિવૃત્ત અને પ્રવૃત્ત સરકારી અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે નાયબ મામલતદાર, ડી.એસ.ઓ., તલાટી, મંત્રી, કારકુન અને એ.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ્સની પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગો છેલ્લા ત્રણેક માસથી ઉત્તમ કક્ષાની ફેકલ્ટીઝ-વિષય નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક ચાલી રહ્યા હતા તેની પૂર્ણાહુતિ થતાં આ તમામ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવાનો એક સમાપન સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો હતો.

અધ્યક્ષસ્થાનેથી પોતાના મનનીય પ્રવચનમાં સૌ તાલીમાર્થીઓને સફળતા માટેની શુભકામનાઓ પાઠવી શ્રી સી.એલ. મીનાએ, 'લક્ષ્ય' દ્વારા સમાજ સેવાના ધ્યેય સાથે અનુસૂચિત જાતિના ઉમેદવારોના કલ્યાણ માટે થઈ રહેલી સારી કામગીરીની સમાજે પણ ઉચિત નોંધ લીધી છે એનો આનંદ વ્યકત કરી, તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું હતું કે ઈચ્છિત પરિણામોને પ્રાપ્ત કરવા મનોવૃત્તિ, નિપુણતા અને જ્ઞાન નિતાંત આવશ્યક છે. તેમણે તાલીમાર્થીઓને જીવનમાં કદાપિ અસફળતાથી નહિ ડરીને, પુનઃ બેવડા જોરથી ક્રિયાશીલ થવાની સલાહ આપતા કહ્યું હતું કે પડકારોથી જો નહિ ડરો તો બધા જ લક્ષ્યને જીવનમાં હાંસલ કરી શકશો.

તાલીમવર્ગો ઉપરાંત સરકારી કર્મચારી-અધિકારીઓને સીધી ભરતી અને રોસ્ટરમાં થતા અન્યાય સંબંધે, ધોરણ-૧૦/૧૨ પાસ થયા પછી કારકીર્દી ઘડતર માટેના માર્ગદર્શક સેમિનારોના આયોજન, ખાનગી શાળાઓમાં અનુસૂચિત જાતિના ગરીબ બાળકોને પ્રવાસ બાબતો તથા સમાજના સર્વાંગી વિકાસમાં આવતા અવરોધોનો દૂર કરવા 'લક્ષ્ય' દ્વારા થઈ રહેલા નિષ્ઠાભર્યા પ્રયાસોથી પણ સૌને માહિતગાર કર્યા હતા અને સૌ તાલીમાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## રંગ ઉદ્યોગ ક્ષેત્રે દેશ અને ગુજરાતમાં સતત ૨૫ વર્ષ સુધી શ્રેષ્ઠ કાર્યપ્રદાન બદલ ઈસ્પાના પૂર્વ પ્રમુખ મધુકર શાહનું સન્માન કરવામાં આવશે

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદમાં ઈસ્પા ગુજરાતની દર વર્ષની જેમ વાર્ષિક સભા તા. ૨૧મી જૂને રવિવારે સવારે સાડા દસ વાગે હોટલ એસ્ટીન કારગીલ પેટ્રોલપંપની સામે અમદાવાદ યોજાશે. જેમાં રંગ ઉદ્યોગ ક્ષેત્રે ૨૫ વર્ષ સુધી ગુજરાતમાં શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ ઈસ્પાના પૂર્વ પ્રમુખશ્રી મધુકર શાહનું સન્માન કરાશે. આ સમયે રાજ્યભરમાંથી લઘુ તેમજ મધ્યમ કક્ષાને પેઈન્ટ ઉત્પાદકો તેમજ દેશભરમાંથી ઈસ્પાના હોદ્દેદારો હાજર રહેશે. સભાનું ઉદ્ઘાટન અમદાવાદના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી ઉદ્ઘાટન કરશે. ઈસ્પાના હોદ્દેદારો તથા પૂર્વ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

# સા રે કે સારે ગા માં કો લેકર ગાતે ચલે...!!!

વર્ષ ૧૯૬૦....કોમેડિયન મહેમુદ બનાવી રહ્યા હતા ફિલ્મ છોટે નવાબ અને એમણે મ્યુઝીક દિગ્દર્શક તરીકે સાઈન કરવા હતા પ્રખ્યાત એસ.ડી.બર્મનને, પણ બર્મનદા પાસે સમય નહોતો. એ મીટીંગ વખતે મેહેમુદે ખૂણામાં બેસીને તબલા વગાડતા એમના પુત્રને જોયો ને ત્યાં ને ત્યાં જ એણે સાઈન કરી લીધો એ છોકરાને એઝ એ મ્યુઝીક ડાઈરેકટર પણ એ પુત્ર તો અડીયલ જીદ લઈને બેઠો કે પહેલું ગીત તો લત્તાજી પાસે જ ગવરાવીશ. હવે પિતા એસ.ડી.અને લત્તાને ઝગડો ચાલે પણ અંતે પિતાએ નમતું જોખીને અબોલા તોડ્યા અને એ પહેલું ગીત લત્તાએ ગાયું જેનું રીહર્સલ ઘરની સીડિયો પર બેસીને થયેલું, એ ગીત હતું 'ઘર આ જાં ઘીર આઈ બદરા સાવરિયા.. હજે આજેય આ ગીત એટલું જ કર્ણપ્રિય લાગે અને એમાયે એમાં વાગતા તબલાનો કર્ણમધુર લય...આહા..ને ઉપરથી ચીલાચાલુ તાલથી હટીને બનાવેલું સંગીત....ના સાંભળ્યું હોય તો ઝટ યુટ્યુબ કરી લેવું,,,,,એ હતો આર.ડી બર્મન ઉર્ફે રાહુલ દેવ બર્મન ઉર્ફે પંચમનો હિન્દી ફિલ્મ સંગીતમાં સ્વતંત્ર સંગીતકાર તરીકેનો પહેલો ઓફબીટ ધમાકો..... ને આ તો શરૂઆત હતી કશુક અલગ... કશુક અનોખું. કશુક ક્યારેય કોઈએ સાંભળવું તો દુર પણ વિચાર્યું પણ નાં હોય એવું મ્યુઝીક કમ્પોઝીશન આપવા તરફનું પહેલું પગલું. આ અને આવી અનેક હટકે ધૂનો આવનારા વર્ષોમાં પંચમના કમ્પોઝીશનમાંથી નીકળવાની હતી. એક સંગીતમય તોફાન બોલીવુડને ઘમરોળવાનું હતું જેનો આ આગાસ હતો.

આ શનિવાર ૨૭મી જુને પંચમ જીવતા હોત તો મુસાફિર હું મૈ યારો લલકારતા લલકારતા પોતાનો ૭૬મો જન્મદિવસ ઉજવતા હોત. અને ખરેખર જોવા જાવ તો પંચમ સંગીતની સફરના એવા મુસાફિર હતા કે જેનું ખરેખર કોઈ ચોક્કસ ઘર કે ઠીકાના હતું જ નહી. અહી ઘર કે ઠીકાના પણ સંગીતની ભાષામાં સ્થાપિત લય, તાલ કે પધ્ધતીના સંદર્ભમાં જ લેવું. પંચમના સંગીતનો જાદુ આજે પણ બરકરાર છે ભલેને અંતિમ દિવસોમાં સંગીતના આ કમાલ કમ્પોઝરે ફિલ્મી દુનિયાનો ખોફનાક ચહેરો અને અનુભવ બંને જોયો હોય. પણ પંચમ જેનું નામ. હમેશા અલગ સર્જન કરવાની ફિરાકમાં ફરતો રહેતો આ સંગીતકારના જાદુઈ ખજાનામાંથી એક થી એક ચડિયાતા સંગીતે મઢેલા ગીતો નીકળતા રહ્યા ને ફરમાઈશ પે ફરમાઈશ છૂટતી રહેતી હોય એમ પંચમ પણ સંગીત રસિકોને એમના અવનવા ગીતોથી આશ્ચર્ય ચકિત કરતો રહ્યો. મુમતાઝ કે હેલન પર ફીલ્માવેલો કેબ્રે હોય કે પછી શર્મિલા પર ફિલ્માવેલું રોમેન્ટિક ગીત કે પછી શાલ ઓઢીને કરુણ ચહેરે સેડ સોંગ ગાતો રાજેષ ખન્ના હોય... પંચમ સબ મેં ટુ મચ થા...!

ઘણા લોકો બહુ આગળ નું વિચારતા હોય છે જેને આપણે જમાનાથી આગળ કહીએ છીએ, બસ પંચમની સંગીત સોચ પણ જમાનાથી આગળ જ હતી કદાચ એટલે જ ૧૯૬૧માં આવેલી છોટે નવાબના ગીતો લોકપ્રિય થયા હોવા છતાં પંચમને પહેલી સુપરહિટ માટે છેક ૧૯૬૬ સુધી રાહ જોવી પડી અને પછી ઓ હસીના જુલ્ફોવાલી એમાં પર મહેરબાન થઈ. પહેલીથી દુસરી અને દુસરીથી તીસરી મંઝીલ પર પહોચેલા પંચમનો જલવો જોતજોતામાં બોલીવુડ માં ફેલાઈ ગયો જે આવનારી લગભગ ૩૦૦ ફિલ્મો સુધી ચાલુ રહ્યો. આ ૩૦૦માંથી એવું પણ થયું કે ઘણી ફિલ્મોનું સંગીત હીટ નાં થયું પણ પંચમના ચાહક તરીકે અને ચાહકોની નજરે તો એ ફલોપ ફિલ્મોમાં પણ પંચમના સંગીતમાં તો વિવિધતા હતી જ અને પંચમના ચાહકોને મન તો એ પણ આજે અમુલ્ય ખજાનો જ છે.

અને પંચમ પણ કોઈ ઓછી માયા તો હતા નહિ. એક તો વારસામાં જ સંગીત મળેલું ને ઉપરથી કુદરતી બક્ષિશ. પંચમ માટે તો ધૂન બનાવવી એટલે ચપટી વગાડવા જેટલું સહેલું કામ હતું, પણ યાદ રહે એ સહેલું કામ પંચમ માટે હતું. પંચમ જેનું નામ....એને ધૂન બનાવવા ક્યારેય કોઈ સ્ટુડિયોનું વાતાવરણ કે કોઈ ખાસ માહોલ ની જરૂર પડી જ નહોતી, પંચમની અનેકો ધૂન એવી છે કે જે સાવ વિપરીત પરીશ્થીતીમાં રચાણી છે. સીલીંગ ફેનના ફરવાથી નીકળતા અવાજ પર પંચમદાને ધૂન સુજી ને એ ધૂનનો ઉપયોગ કર્યો આપ કી કસમ ના ગીત 'સુનો કહો...કહા સુના... માં...!!! તો હોટેલમાં બેઠા બેઠા એમ જ ગીટાર વગાડતા સહાયકની ધૂન પરથી આખી રાત જાગીને એમણે બનાવી આ લખનારના કિશોરપંચમના સૌથી ફેવરીટ ગીત 'મુસાફિર હું મૈ યારો...ના ઘર હે નાં ઠીકાના..ની ધૂન. એકવાર ટ્રાફિક જામમાં ફસાય ગયેલા એ વખતે ગણગણતા ગણગણતા બનાવી કાઢી ધૂન અને પછીથી એને વાપરી ઘર ફિલ્મના 'તેરે બીના જીયા જાયે ના...તેરે બીના જીયા જાયે ના... ગીતમાં...!!! તો આ જ પંચમ એમના સૌથી લોકપ્રિય ગીત અને અનેકો વાર રીમીક્ષ થયેલા ચુરા લિયા હૈ તુમને જો હમકોમાં કાચના ગ્લાસ અને ચમચીનો તો ફિલ્મ અબ્દુલ્લાહના ગીતમાં બામ્બુ સ્ટીકનો બખૂબી ઉપયોગ કરી નાખેલો.



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

પિતા એસ.ડી. બર્મનના સંગીતમાં શુદ્ધ ભારતીય સંગીતની ઝલક જોવા મળતી અને સીનીયર બર્મન એના આગ્રહી પણ હતા પણ બેટા બર્મન એમનાથી એક ડગલું આગળ નીકળ્યા એમણે શા સ્ત્રીય અને ભારતીય સંગીતની સાથે સાથે વિદેશી સંગીતનો એટલો અદ્દ્ભુત મેલમેળાપ કર્યો કે એનાથી જે રચનાઓ બની એ એકદમ અનોખી અને અદ્દ્ભુત નીવડી. એક સરખું અને બીબાઢાળ કામ કરવું એની ફિતરતમાં હતું જ નહી ને, જુવો ને ફિલ્મ પ્યાસામાં પપ્પાએ વાપરેલી એમની ધૂન સર જો તેરા ચકરાયે એનો જડબેસલાક દાખલો છે. હજુ તો પંચમ સ્વતંત્ર સંગીતકાર થયા પણ નહોતા ત્યારથી જ આવી અનોખી ધૂનો રચતા થઈ ગયેલા ને સ્વતંત્ર સંગીતકાર થયા પછી એમને જયાં જયાં મોકો મળ્યો ત્યાં ત્યાં હટકે કોમ્પોઝીશન આપવાનું ચાલુ રાખેલું એમાયે એમની ટોળકી માં ભળ્યા ગુલઝાર અને આશા ભોસલે...!!! બસ પછી શું વાત છે? આ ત્રિપુટીએ એક એકથી ચડિયાતા હટકે સંગીત નગીનાઓ આપણને આપ્યા. આ ત્રીપુટીના ગીતો પહેલી વાર સાંભળતા કદાચ ઝડપથી દિમાગમાં નાં ઉતરે પણ ફરી ફરી ને સાંભળો પછી એની મીઠાસ અને સંગીતની નજાકતનો અનુભવ થાય.

આ રહ્યા થોડા નમૂનાઓ : કતરા કતરા મિલતી હૈ, કતરા કતરા જીને દો, જિંદગી હૈ બહેને દો (ઈઝાઝત)....ખાલી હાથ શામ આઈ હૈ (અગેન... ઈઝાઝત)..રોજ રોજ આંખો તલે એક હી સપના પલે (જીવા) પિયા બાવરી (ખુબસુરત)...બોટલ સે એક બાત ચલી હૈ (ઘર રફી સાથે).... બેચારા દિલ ક્યાં કરે, સાવન જલે ભાદો જલે (ખુશ્બુ)...વગેરે વગેરે. આ ટેરિફિક ટ્રાયોની ખાસ વાત એ હતી કે પંચમના હટકે કોમ્બીનેશન અને ગુલઝારના પોએટીક શબ્દોને આશાના અલગારી અવાજનો અનોખો સધિયારો સાંપડેલો અને સરવાળે એક પછી એક બધા જ કર્ણપ્રિય...!!! પંચમ પર સમકાલીન ફિલ્મ ક્રિટીક્સ અને સંગીતકારો સુધ્ધાનો આરોપ હતો કે પંચમ સ્થાપિત સંગીત પ્રનાણીઓને તોડી મરોડીને ગીતો બનાવે છે પણ પંચમે ક્યારેય એનો કોઈ જવાબ નહોતો આપ્યો ઉલટાનું એમના આવા સોકોલ્ડ તોડ મરોડ વાળા ગીતો એ સમયે તો ઠીક પણ આજે પણ એટલા જ મશહુર છે અને લોકો લિજ્જતથી વારંવાર સાંભળે છે એ એના કોમ્પોઝીશનમાં રહેલી સંગીતની તાકાત નો પુરાવો છે.

પંચમને ભલે ને કોઈ પ્રતિસ્પર્ધી કે ક્રિટીક્સ અળવીતરો કે ઘરેડથી હટીને પ્રયોગશીલ સંગીતકાર ગણતો હોય પણ પંચમે આવા અનોખા અને અમુક અંશે ગવાતા કરતા બોલાતા હોય એવા ગીતો રચવાની સાથે સાથે ઘણા બધા એવા ગીતોની રચના પણ કરી કે જેમાં ઉત્કૃષ્ટ રીતે રાગ રાગીનીઓનો સમાવેશ થયો હોય. જેમકે આગળ શરૂઆતમાં વાત કરી એ ઘર આ જાં ઘીર આઈ બદરા સાવરિયા (રાગ માલ્ગુંજી)...૧૯૬૭ની ફિલ્મ ચંદા કા પલનાનું મીના કુમારી પર ફિલ્માવાયેલું અને રાગ જોગિયા પર આધારીત ' ઓ ગંગા મૈયા '.....રાગ તોડી અને ખમાજના અદ્દ્ભુત મિશ્રણથી આજે પણ સાંભળવું ગમે એવું અમરપ્રેમનું સદાબહાર રૈના બીતી જાયે.....રાગ યમન કલ્યાણની છાંટ વાળું અને ભુપીન્દરલત્તાના અદ્દ્ભુત અવાજોવાળું ફિલ્મ પરિચયનું બીતી નાં બિતાયે રૈના....કિશોરકુમાર અને લત્તા બંને એ અલગ અલગ જેને ગાયું છે એવું રાગ શિવરંજની પર આધારીત ફિલ્મ મહેબુબાનું મેરે નૈના સાવનભાદો...રાગ કલાવતી પરથી બનાવેલી કવ્વાલી ' હે અગર દુશ્મન દુશ્મન જમાના કમ નહિ કમ નહી.... ખુબસુરત નું પિયા બાવરી (રાગ બિહાગ)...રાગ ભૈરવી પર કુદરત ફિલ્મ નું અતિ પ્રસિદ્ધ ' હંમે તુમસે પ્યાર કિતના એ હમ નહિ જાનતે...ફિલ્મ અગર તુમ ના હોતે નું હંમે ઔર જીને કઈ ચાહત નાં હોતી (રાગ આશાવરી) અને પંચમ ની છેલ્લી હીટ ફિલ્મ કે જેની સફળતા જોવા માટે પંચમ જીવ્યા નહિ એ ૧૯૪૨ એ લવ સ્ટોરી નું કયો નયે લગ રહે હૈ દિન (રાગ ખમાજ).... આ તો પંચમના રાગ ખજાનામાંથી અમુક ચૂંટેલા રત્નોની જ યાદી છે... પંચમે પૂરી કેરિયરમાં વિદેશી વાજિંત્રોની સાથે સાથે આવા સુધ્ધ શા સ્ત્રીય પ્રયોગો અનેકો ગીતોમાં કરેલા.

૬૦ના દશકથી ૮૦ના દશક સુધી હિન્દી ફિલ્મી સંગીત પર રાજ કરનાર પંચમને હમેશા એમના ખરાબ આખરી સમયનો રંજ રહ્યો. કહે છે ને કે ઉગતાને સૌ પૂજે અને એમાયે ફિલ્મી દુનિયામાં તો આ આમ વાત છે એવા સમયે ૧૯૮૫ માં રજુ થયેલી મહત્વાકાંક્ષી ફિલ્મ સાગરની અસફળતા સાથે ફિલ્મ ઉદ્યોગે પંચમથી મો ફેરવી લીધું. સુભાષ ઘાઈએ પરોમીસ આપ્યા પછી પણ રામ લખનનું સંગીત પંચમ પાસેથી લઈને લક્ષ્મી પ્યારેને આપ્યું એની આ અલગારી કલાકાર પર ગંભીર અસર થઈ. અમિતાભ બચ્ચને એમના બ્લોગ પર લખેલું કે આ મહાન કલાકારની યોગ્ય કદર નાં થઈ. ઈવન લતા મંગેશકરને પણ કહેવું પડ્યું કે પંચમ યુવાન વયે અને દુખી જીવે મૃત્યુ પામ્યા. પંચમે સૌથી વધુ ફિલ્મો ૮૦ના દાયકામાં કરી. પંચમના કામ ની વિગતો જોઈએ તો ૬૦ ના દાયકામાં ૧૭ ફિલ્મો, ૭૦ ના દાયકામાં ૧૨૫ ફિલ્મો, ૮૦ ના દાયકામાં ૧૩૩ ફિલ્મો અને ૯૦ ના દાયકામાં ફક્ત ૧૯ ફિલ્મો જ કરી છે. આનો અર્થ સાફ છે કે ૧૯૯૪ માં ફક્ત ૫૫ વર્ષની ઉમરે આ દુનિયા ચોળતા પહેલા એમના અંતિમ દોરમાં એમણે જુજ ફિલ્મો જ કરેલી અથવા એમ કહો કે એમણે જુજ ફિલ્મો જ મળેલી કદાચ આ વાત નો એમના કલાકાર જીવ પર ઘેરો પ્રભાવ પડેલો કદાચ ૮૦ ના દાયકા ના અંતે ૧૯૮૮ માં એમણે આવેલા હાર્ટ એટેકનું કારણ પંચમ ની ફલોપ જતી ફિલ્મો હતું અને ઉપરથી ફિલ્મી બિરાદરી ની બેવફાઈઓ.. હા ઉપર એમના આત્મા ને શાંતિ મળે એવું કોઈ જો કારણ આખરી દિવસોમાં હતું તો એ હતું ૧૯૪૨ એ લવ સ્ટોરી ના સંગીત ની ધરખમ સફળતા. કદાચ એમની શરૂઆત ની જેમ જ અંત ને ઉજવવાનો કુદરતે આ એક સંગીતમય પ્રયાસ કર્યો હશે.

સારો કે ખરાબ સમય ને ભૂલીને આજે પણ સમગ્ર ફિલ્મી દુનિયા અને ખાસ કરીને પંચમ ના ચાહકો એકીઆવાજે પંચમ ના ગીતો ને યાદ કરે છે, ગણગણે છે. આજે આટલા વર્ષો પછી અને અનેકો સંગીતકારો આવ્યા હોવા છતાં પંચમ ની ધૂનો સતત લોકપ્રિય અને લોકભોગ્ય છે અને રહેશે કેમકે પંચમના સંગીત માં જે જાદુ છે એ દરેક જમાના અને દરેક પેઢીને આકર્ષે છે. હજુ આજે પણ ૧૯૪૨ ના ગીતો યુવાન પેઢી ના મોબાઈલ કે મુખેથી ગાતા સાંભળીયે તો એમ થાય કે પંચમ ક્યારેય મારશે નહિ...એ એના સંગીત સ્વરૂપે સદીઓ સુધી ભારતીય સંગીત ચાહકોમાં અમર જ રહેશે.

વિસામો :

પંચમ ના નિધન પછી ૨૦૦૨ માં રીલીઝ થયેલી ફિલ્મ દિલ વિલ પ્યાર વ્યાર ના બધા જ ગીતો ઓરીજન્લી પંચમે જ સ્વરબદ્ધ કરેલા જેને બબલુ ચક્રવર્તી એ રીએરેન્જ કરેલા.